સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૧૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

નસીબદાર માણસને તમે દરિયામાં ફેંકી દેશો, તો તે મોંઢામાં માછલી લઈ બહાર આવશે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૩૭ ● તારીખઃ ૨૬.૦૭.૨૦૨૬, રવિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# કોક્રોચ જનતા પાર્ટીનું દિલ્હીમાં ચાલતું આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચાયું

## ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુંઃ કેન્દ્ર સરકાર સાથે વાટાઘાટો સફળઃ NEET પીડિત પરિવારોને ૧ કરોડનું વળતર મંજૂર, શિક્ષણ સુધારાના ૫ મુદ્દાના ચાર્ટર પર ૪ અઠવાડિયામાં ફરી યોજાશે સમીક્ષા બેઠક

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર અને કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના પ્રતિનિધિમંડળ વચ્ચે યોજાયેલી ઉચ્ચસ્તરીય વાટાઘાટો અંતે સફળ રહી છે. ગઈકાલે (૨૫ જુલાઈ) સરકાર સાથે યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠક બાદ કોક્રોચ જનતા પાર્ટીએ પોતાના તમામ મુદ્દાઓ ઉકેલાઈ જતાં દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલી રહેલું દેશવ્યાપી આંદોલન સત્તાવાર રીતે પાછું ખેંચવાની જાહેરાત કરી છે. સીજેપી નેતૃત્વ દ્વારા તમામ પ્રદર્શનકારીઓ અને વિદ્યાર્થીઓને આંદોલન તુરંત આટોપીને શાંતિપૂર્ણ રીતે પોતપોતાના ઘરે પરત ફરવા માટે આગ્રહભરી



અપીલ કરવામાં આવી હતી.

સરકાર સાથેની બેઠક બાદ વિગતો આપતાં સીજેપીના રાષ્ટ્રીય પ્રવક્તા અશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે, NEET પેપર લીક અને અનિયમિતતાઓને કારણે જીવ ગુમાવનારા પીડિત વિદ્યાર્થીઓના પરિવારોને ૧ કરોડનું આર્થિક વળતર આપવાની તેમની મુખ્ય માંગણીનો સરકારે સ્વીકાર કરી લીધો છે. નિયમો અને જોગવાઈઓના દાયરામાં રહીને સરકાર તમામ પીડિત પરિવારોને આ સન્માનજનક વળતર ચૂકવવા સંમત થઈ છે. આ ઉપરાંત આગામી રણનીતિ અને અન્ય મુદ્દાઓ અંગે ભવિષ્યમાં જાણ કરવામાં આવશે.

આંદોલન સમેટવાની ઘોષણા કરતાં સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે, પાર્ટી પરસ્પર સમજૂતી અને વિશ્વાસના આધારે આ આંદોલન પાછું ખેંચી રહી છે. સરકારે નક્કી કરેલી સમયમર્યાદામાં તમામ સ્વીકારેલી શરતોનો અમલ કરવાનો રહેશે. આ સાથે જ સીજેપી દ્વારા દેશની સમગ્ર શિક્ષણ પ્રણાલી અને પરીક્ષા પદ્ધતિમાં વ્યાપક સુધારા લાવવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ ૫ મુદ્દાનું માંગપત્રક (ચાર્ટર) પણ રજૂ કરવામાં આવ્યું છે.

આ શિક્ષણ સુધારા પર આગળ કામ કરવા અને સંયુક્ત રીતે પગલાં ભરવા માટે આગામી ચાર અઠવાડિયામાં કેન્દ્ર સરકાર સાથે સીજેપીના પ્રતિનિધિઓની ફરી એકવાર સમીક્ષા બેઠક યોજાશે. કેન્દ્ર સરકાર તરફથી તમામ મુખ્ય માંગણીઓ મંજૂર થતાં જંતર-મંતર પર છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનનો આખરે સકારાત્મક અંત આવ્યો છે અને પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ તથા પરિવારોએ હાશકારો અનુભવ્યો છે.

## નવા શિક્ષણ મંત્રી તરીકે પ્રહ્લાદ જોશીની નિમણૂકઃ શિક્ષણ ક્ષેત્રે સુધારા અને પરીક્ષા પદ્ધતિને પારદર્શક બનાવવાની ખાતરી

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ કેન્દ્ર સરકાર દ્વારા નવી જવાબદારી સોંપતાં પ્રહ્લાદ જોશીને દેશના નવા શિક્ષણ મંત્રી બનાવવામાં આવ્યા છે. ગઈકાલે તેમણે આ મહત્વપૂર્ણ પદનો કાર્યભાર સંભાળતાની સાથે જ દેશની શિક્ષણ પ્રણાલીમાં પારદર્શિતા લાવવાની પોતાની પ્રાથમિકતા સ્પષ્ટ કરી હતી. NEET પરીક્ષામાં ગેરરીતિઓ અને પેપર લીકની ઘટનાઓ બાદ



ઊભી થયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને નવા શિક્ષણ મંત્રી સામે આંદોલનકારી વિદ્યાર્થીઓ, ઈઉંડ અને દેશના યુવાનોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો મોટો પડકાર રહેશે. કાર્યભાર સંભાળતાની સાથે જ પ્રહ્લાદ જોશીએ જણાવ્યું કે, સરકાર ભવિષ્યમાં કોઈપણ પરીક્ષાનું પેપર લીક ન થાય તે માટે ટેકનોલોજી આધારિત મજબૂત અને ક્ષતિરહિત પરીક્ષા સિસ્ટમ તૈયાર કરવા માટે પ્રતિબદ્ધ છે. ગઈકાલે ગઝઅના બરતરફ કરાયેલા અધિકારીઓ સામે કડક કાર્યવાહીની ખાતરી આપતાં તેમણે ઉમેર્યું હતું કે, યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનારા કોઈપણ દોષિતને બક્ષવામાં આવશે નહીં. આ ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે જરૂરી સુધારા કરવા માટે તમામ પક્ષો તેમજ વિદ્યાર્થી સંગઠનો સાથે સંવાદ સાધીને ત્વરિત પગલાં ભરવામાં આવશે.

## કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ વિપક્ષમાં 'શ્રેય' લેવાની હોડઃ નેતાઓએ શરૂ કરી બંદરબાંટ

### નીટ પેપર લીક મુદ્દે વિદ્યાર્થીઓના આંદોલન સામે સરકાર ઝૂકી હોવાનો વિપક્ષનો દાવો; કોંગ્રેસ, સપા, આપ અને આરજેડી વચ્ચે જીતનો જશ ખાટવા રાજકીય હોડ




**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ દેશના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અને પેપર લીકની ઘટનાઓ વચ્ચે ધર્મેન્દ્ર પ્રધાને પદ પરથી રાજીનામું આપતાં જ સમગ્ર વિપક્ષી છાવણીમાં તેનો જશ (ક્રેડિટ) લેવા માટે ભારે બંદરબાંટ અને રાજકીય હોડાહોડી શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ







આદમી પાર્ટી, આરજેડી સહિતના તમામ વિપક્ષી પક્ષો આ રાજીનામાને પોતપોતાની અને પોતાના સંઘર્ષની જીત ગણાવવા મેદાને પડ્યા છે. શિક્ષણ મંત્રીના રાજીનામા બાદ હવે વિપક્ષી નેતાઓ વચ્ચે જે રીતે નિવેદનોની હોડ જામી છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે આગામી દિવસોમાં સંસદથી લઈને શેરીઓ સુધી આ મુદ્દે ક્રેડિટ વોર વધુ ઉગ્ર બનશે.

### કોંગ્રેસનો દાવોઃ 'આ સંયુક્ત વિપક્ષી એકતા અને સંઘર્ષની જીત'

**મલ્લિકાર્જુન ખડગેઃ** કોંગ્રેસ અધ્યક્ષે આ રાજીનામાને 'સંયુક્ત વિપક્ષની જીત' ગણાવતાં કહ્યું કે, સડકથી સંસદ સુધી વિપક્ષે ઉઠાવેલા અવાજને કારણે જ સરકારને ઝૂકવું પડ્યું છે. તેમણે પીએમ મોદી પાસે માફીની પણ માંગ કરી હતી.

**પ્રિયંકા ગાંધી વાડ્રાઃ** વાયનાડના સાંસદે તેને યુવા આંદોલનની જીત ગણાવી ઉમેર્યું કે દેશ તાનાશાહીથી નહીં ચાલે.

**પી. ચિદમ્બરમ અને પવન ખેડાઃ** પૂર્વ કેન્દ્રીય મંત્રી ચિદમ્બરમે રાજીનામાનું સ્વાગત કર્યું હતું, તો પવન ખેડાએ 'મોડેથી પણ આખરે મુક્તિ મળી' કહીને રાજકીય નિશાન સાધ્યું હતું.

**રાજીવ શુક્લાઃ** તેમણે આ ઘટનાક્રમને વિપક્ષી એકતાની જીત ગણાવી હતી.

### સપા અને આપ પણ ક્રેડિટની રેસમાં કૂદ્યા

**અરવિંદ કેજરીવાલ (આપ)ઃ** આમ આદમી પાર્ટીના સંયોજકે આને લોકશાહીની મોટી જીત ગણાવતા કહ્યું કે આ સંઘર્ષે ૮૦ ૦ના અહંકારને તોડી નાખ્યો છે. જ્યારે આપ સાંસદ સંજય સિંહે પણ તેને યુવા શક્તિના વિજય તરીકે સરખાવ્યો હતો.

**અખિલેશ યાદવ (સપા)ઃ** સમાજવાદી પાર્ટીના અધ્યક્ષે ત્ર્રચક્ષ-ણ (નવી પેઢીના યુવાનો)ની તાકાતનો હવાલો આપીને દાવો કર્યો કે યુવા શક્તિએ વિશ્વની સૌથી મોટી પાર્ટીને ઝુકાવી દીધી છે.

### આરજેડી, શરદ પવાર જૂથ અને અન્ય નેતાઓનો સૂર

**મનોજ કુમાર ઝા (RJD)ઃ** તેમણે એક વીડિયો સંદેશ જારી કરીને તેને 'મોદી સરકારના અહંકારની પહેલી હાર' ગણાવી હતી.

**સુપ્રિયા સુલે (NCP શરદ પવાર જૂથ)ઃ** બારામતીના સાંસદે માત્ર રાજીનામાથી ન અટકતા હવે સંસદમાં નીટ મુદ્દે વિગતવાર ચર્ચા અને શૈક્ષણિક સુધારાની માંગ કરી પોતાની રાજકીય હાજરી પુરાવી હતી.

**કપિલ સિબ્બલઃ** રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને ટીયર ગેસના ઉપયોગ સામે વિરોધ નોંધાવી સરકારને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

## 'આ તો બસ એક ટ્રેલર હતું, આખી ફિલ્મ બાકી છે!

### ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ પણ રવિવારે મુંબઈમાં ઠાકરે બંધુઓ કરશે મહા-માર્ચ!

**સમય સંદેશઃ મુંબઈ**

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ દેશભરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે, ત્યારે મહારાષ્ટ્રના રાજકારણમાં એક અભૂતપૂર્વ અને મોટો ધમાકો જોવા મળ્યો છે. શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના વડા રાજ ઠાકરેએ એક સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને NEET વિરોધી વિદ્યાર્થી



આંદોલનના નેતા અભિજીત દિપક અને દેશના તમામ યુવાનોની નિર્ભયતા અને હિંમતની મુક્ત મને પ્રશંસા કરી હતી. શિક્ષણ મંત્રીએ પદ છોડી દીધું હોવા છતાં, બંને ઠાકરે બંધુઓએ સ્પષ્ટ ઘોષણા કરી છે કે રવિવાર, ૨૬ જુલાઈના રોજ મુંબઈમાં થનારી મહા-માર્ચ પોતાના નિર્ધારિત સમયે જ યોજાશે. મીડિયાને સંબોધતા ઉદ્ધવ ઠાકરેએ દેશના વહેતા રાજકીય પ્રવાહ પર

અનુ પાના નં.૨ પર

## કુદરતી આફતઃ દેશભરમાં અનિયમિત અને ભારે વરસાદથી તબાહી, ૧૭ રાજ્યોમાં એલર્ટ







**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના અનેક રાજ્યોમાં ચોમાસાના અનિયમિત અને આક્રમક વરસાદે ભયાનક તબાહી મચાવી છે. અસમ, જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ અને નાગાલેન્ડ સહિતના વિસ્તારોમાં સતત વરસાદને કારણે પૂર, ભૂસ્ખલન અને ફ્લેશ ફ્લડની સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. નદીઓ ઉફાન પર વહી રહી છે અને માર્ગો-પુલો તૂટવાથી અનેક ગામોનો સંપર્ક કપાઈ ગયો છે. હવામાન વિભાગે દેશના ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો

અનુ પાના નં.૨ પર

## શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુંઃ સોનમ વાંગચુકે ગણાવી લોકશાહીની જીત, CJPએ દર્શાવ્યો યુવા શક્તિનો પાવર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શનિવારે બપોરે CJPની માગને ધ્યાનમાં રાખીને પોતાનું રાજીનામું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મોકલી આપ્યું છે. રાજીનામા પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી શિક્ષણ સુધાર માટે સમર્પિત રહ્યા છે અને




અનુ પાના નં.૨ પર

## યુરોપમાં આગનો કહેરઃ ફ્રાન્સ અને સ્પેનના જંગલોમાં ભયાનક દાવાનળ : ૨ લાખથી વધુ લોકોનું સ્થળાંતર!

**સમય સંદેશઃ ડેસ્ક**

યુરોપના બે મુખ્ય દેશોફ્રાન્સ અને સ્પેન હાલમાં અત્યાર સુધીના સૌથી ભયાનક અને વિનાશક દાવાનળ (જંગલની આગ) નો સામનો કરી રહ્યા છે. દક્ષિણપશ્ચિમ ફ્રાન્સ અને મધ્ય સ્પેનના હજારો એકરમાં ફેલાયેલી આ આગ એટલી વિકરાળ બની ચૂકી છે કે ૨૦૦,૦૦૦ થી વધુ લોકોને પોતાના ઘરો છોડીને ભાગવાની ફરજ પડી છે. બોર્ડેક્સ અને મેડ્રિડ નજીકના નગરો તરફ જ્વાળાઓ ઝડપથી વધી રહી હોવાથી બંને દેશોના



વહીવટીતંત્રે ઈમરજન્સી જાહેર કરીને આસપાસના વિસ્તારો ખાલી કરાવવાનું શરૂ કર્યું છે.

ફ્રેન્ચ ગૃહ મંત્રાલયના અહેવાલો અનુસાર, ગિરોન્ડે અને લેન્ડેસ પ્રદેશોમાંથી જ લગભગ ૧૪૧,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે સ્પેનમાં ૬૦,૦૦૦ થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. સ્થિતિ એટલી ગંભીર બની ગઈ હતી કે ફ્રાન્સના એટલાન્ટિક કિનારે આવેલા પ્રવાસી વિસ્તારોમાંથી લોકોએ જીવ

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### મૌસમી સંકટ !

આજે, દુષ્કાળના ભય વચ્ચે પાણીની કટોકટીનો સામનો કરવા માટે એક અસરકારક વ્યાપક નીતિની જરૂર છે. આ નીતિઓને સમયાંતરે સુધારવી જોઈએ. આબોહવા પરિવર્તન કટોકટીનો સામનો કરતી વખતે ચોમાસાના વર્તનની અનિશ્ચિતતા વચ્ચે વરસાદ પર કૃષિની નિર્ભરતા ઘટાડવા માટે એક વ્યાપક વ્યૂહરચના વિકસાવવી જરૂરી છે. આ માટે સૂક્ષ્મ સિંચાઈ સુવિધાઓનો વિસ્તાર કરવા, જળાશયોને પુનર્જીવિત કરવા, ભૂગર્ભજળ વ્યવસ્થાપનમાં સુધારો કરવા સ્થિતિસ્થાપક ખેતીને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની જરૂર છે. બદલાતી હવામાન પેટર્ન પર પ્રતિક્રિયા આપવાને બદલે, આપણે લાંબા ગાળાની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સુનિશ્ચિત કરવી જોઈએ. કુદરતી આફતો સામે પાક રક્ષણ માટે વીમા કવરેજ હજુ પણ અસરકારક નથી. ખેડૂતોને પાકના નુકસાન માટે વળતર કેવી રીતે મેળવવું તે અંગે વ્યવહારુ જ્ઞાનનો ઘણીવાર અભાવ હોય છે. દેશમાં પૂરતા પ્રમાણમાં અનાજ ભંડાર અને કટોકટી વ્યવસ્થા હોવા છતાં, દેશની ખાદ્ય સુરક્ષા માટે કોઈ તાત્કાલિક ખતરો નથી. ચોમાસાના વર્તનમાં સતત અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય નીતિ નિર્માતાઓએ કૃષિ સંરક્ષણ માટે એક એવી સિસ્ટમ વિકસાવવાની જરૂર છે જે આબોહવા પરિવર્તનનો વધુ સારી રીતે સામનો કરી શકે. અનિયત ચોમાસાઓએ દેશમાં પેયજળનું ચિત્ર બદલાવ્યું છે. ઉત્તર ભારતમાં ભૂગર્ભજળના સ્તરમાં ૪૫૦ ઘન કિલોમીટરનો ઘટાડો થયો છે તે ચિંતાજનક છે. છેલ્લા બે દાયકામાં આ ઘટાડો ભવિષ્યમાં ખેતી અને આજીવિકા માટે પાણીની સંભવિત અછત સૂચવે છે. બે દાયકામાં ભૂગર્ભજળમાં આ ઘટાડો ભારતના સૌથી મોટા જળાશય, ઈન્દિરા સાગર ડેમની કુલ જળ સંગ્રહ ક્ષમતા કરતાં ૩૭ ગણો છે. ભૂગર્ભજળના આ ઘટાડાનું એક મુખ્ય કારણ ૧૯૫૧ અને ૨૦૨૧ વચ્ચે ચોમાસાના વરસાદમાં ૮.૫ ટકાનો ઘટાડો છે. આ કટોકટીનું બીજું પાસું એ છે કે ઉત્તર ભારતમાં શિયાળાના તાપમાનમાં ૦.૩ સેલ્સિયસનો વધારો જોવા મળ્યો છે. હૈદરાબાદ સ્થિત નેશનલ જીઓફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સંશોધકોની ટીમ દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. ચોમાસાના વરસાદમાં ઘટાડો અને શિયાળાના તાપમાનમાં વધારો થવાને કારણે, આગામી વર્ષોમાં સિંચાઈ માટે પાણીની માંગ ચોક્કસપણે વધશે. તે જ સમયે, વધતી જતી પાણીની માંગ ભૂગર્ભજળના રિચાર્જમાં પણ ઘટાડો કરશે, જેનાથી ઉત્તર ભારતના વિસ્તારો પર દબાણ આવશે જે પહેલાથી જ ભૂગર્ભજળ સંકટનો સામનો કરી રહ્યા છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકા એનએચ પરથી દબાણો હટાવાશે: ૨૭ જુલાઈથી વિશેષ અભિયાન, પ્રોજેક્ટ ડાયરેક્ટરે ચેતવણી આપી

**સમય સંદેશ: દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH-151A અને NH-51 પરથી દબાણો હટાવવા માટે ૨૭ જુલાઈ, ૨૦૨૬ થી વિશેષ અભિયાન શરૂ થશે. પ્રોજેક્ટ ડાયરેક્ટર અબ્દુલ્લાહ ખાને આ અંગે કડક કાર્યવાહીની જાહેરાત કરી છે.

NHAI દ્વારા તમામ નાગરિકો, વેપારીઓ, હોટેલ સંચાલકો, પેટ્રોલ પંપ સંચાલકો અને અન્ય મિલકત ધારકોને સૂચિત કરાયા છે. તેમને રાષ્ટ્રીય ધોરીમાર્ગની રાઈટ ઓફ વે (ROW) માં આવેલા તમામ અનધિકૃત દબાણો, ગેરકાયદેસર બાંધકામો, મંજૂરી વિનાના પ્રવેશ માર્ગો (Unauthorized Access) અને અનધિકૃત મીડિયન ગેપ (Median Openings) સ્વખર્ચે બે દિવસમાં દૂર કરવા જણાવાયું છે. સંબંધિત વ્યક્તિઓને નિયમ મુજબ નોટિસો પણ પાઠવવામાં આવી છે.

પ્રોજેક્ટ ડાયરેક્ટર અબ્દુલ્લાહ ખાને જણાવ્યું કે, રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાહેર સંપત્તિ છે. મુસાફરોના જીવના જોખમે કોઈપણ પ્રકારના ગેરકાયદેસર પ્રવેશ, દબાણ કે અનધિકૃત મીડિયન ગેપને સહન કરવામાં આવશે નહીં. માર્ગ સલામતી સાથે કોઈ બાંધછોડ કરાશે નહીં. તેમણે સ્પષ્ટતા કરી કે, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH)ના પરિપત્ર મુજબ ખાનગી મિલકત, હોટેલ, પેટ્રોલ પંપ, ઔદ્યોગિક એકમો અને અન્ય સંસ્થાઓ માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પ્રવેશ મેળવવા પૂર્વ મંજૂરી ફરજિયાત છે. મંજૂરી વિનાના તમામ પ્રવેશ માર્ગો ગેરકાયદેસર ગણાશે અને તેમને દૂર કરાશે.

૨૭ જુલાઈ, ૨૦૨૬ થી સાઈટ એન્જિનિયર વત્સલ પરસાણીયાની આગેવાનીમાં જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ તંત્રના સહયોગથી આ અભિયાન હાથ ધરાશે. આ દરમિયાન NH ROWમાં આવેલા તમામ અનધિકૃત દબાણો અને બાંધકામો દૂર કરાશે. ખાનગી મિલકત, હોટેલ, પેટ્રોલ પંપ વગેરેના તમામ અનધિકૃત પ્રવેશ માર્ગો બંધ કરાશે. માર્ગ સલામતીને જોખમરૂપ તમામ અનધિકૃત મીડિયન ગેપ કાયમી રીતે બંધ કરાશે. ગેરકાયદેસર રીતે નેશનલ હાઈવેની જમીનનો ઉપયોગ કરનારાઓ સામે નિયમો મુજબ કાયદેસરની કાર્યવાહી પણ કરાશે.

અબ્દુલ્લાહ ખાને ચેતવણી આપી છે કે, નિર્ધારિત સમયમર્યાદા બાદ કોઈપણ વિનંતી કે રજૂઆત ધ્યાનમાં લેવાશે નહીં. NHAI દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહીમાં થયેલ સંપૂર્ણ ખર્ચ, નુકસાન તથા અન્ય જવાબદારી સંબંધિત વ્યક્તિ પાસેથી વસૂલ કરાશે. મુસાફરોની સલામતી, અકસ્માતોમાં ઘટાડો અને સુરક્ષિત ધોરીમાર્ગ જાળવવા માટે તમામ નાગરિકોને આ અભિયાનમાં સહકાર આપવા ગઇઅઈ દ્વારા અનુરોધ કરાયો છે.

# શિવરાજપુર બીચ પર કચરો ફેંકવા પર પ્રતિબંધ મુકાયો

## બીચ પર વાહનોની અવર-જવર પર પ્રતિબંધ



**સમય સંદેશ: દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા બ્લુ ફ્લેગ સર્ટીફિકેટ ધરાવતા શિવરાજપુર બીચની નિયમાનુસારની જાળવણીના હેતુથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કેટલાક પ્રતિબંધો લગાવાયા છે. જે અનુસાર શિવરાજપુર બિચ પર પાંચ કિલોમીટરની ત્રિજયામાં નિર્ધારિત વિસ્તાર પર પ્લાસ્ટીકના ઉપયોગ કે વપરાશ, કચરો ફેંકવા, કેમ્પેઇન કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે. ઉપરાંત, નિયત સ્વિમ એરિયામાં વોટર સ્પોર્ટસ કે ફિશિંગની મનાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત શિવરાજપુર બીચના લાઇટ હાઉસ (સર્વે નંબર ૫૮) થી ઇફુ-૨ પોઇન્ટ સુધીના શિવરાજપુર બીચ વિસ્તારમાં ૫ કિમી ત્રિજ્યા વિસ્તાર અને એચ.ટી.એલ. થી ૩૦૦ મીટર ભૂમિ તરફના વિસ્તારમાં જાહેર અથવા ખાનગી વાહન ચલાવવા અથવા તેનો ઉપયોગ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામું તા. ૨૧ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.

# યાત્રાધામ દ્વારકાના ગીચ વિસ્તારમાં હોટલમાં આગ લાગતા ફાયર ટીમની સમયસર કામગીરીથી દુર્ઘટના ટળી



**સમય સંદેશ: દ્વારકા**

યાત્રાધામ દ્વારકાના વ્યસ્ત અને ગીચ વિસ્તારમાં આવેલા શાક માર્કેટ નજીકની એક હોટલમાં આજે અચાનક આગ લાગતા થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. માહિતી અનુસાર હોટલના ખાનગી ટાવરના ચોથા માળે આગ ભભૂકી ઉઠતા આસપાસના લોકોમાં ચિંતા ફેલાઈ હતી.

ઘટનાની જાણ થતાં દ્વારકા નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર કર્મચારીઓએ ચોથા માળ સુધી પહોંચી આગ પર પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. ભારે જહેમત બાદ ફાયર વિભાગની ટીમે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સમયસર ફાયર બ્રિગેડ પહોંચી જતાં કોઈ જાનહાનિ કે મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી. જોકે આગ લાગવાના કારણ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ ગીચ વિસ્તારમાં આગ લાગવાની ઘટનાને પગલે થોડા સમય માટે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. ફાયર વિભાગની ઝડપી અને અસરકારક કામગીરીને કારણે પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી ગઈ હતી. આ આગને કાબૂમાં લેવા માટે ફાયર સ્ટાફના જવાનો જીતેન્દ્ર કારડીયા, અજય સ્વામી, સુરેશગીરી ગોસ્વામી, ભારાભા કેર અને કૈલાસ ચમડીયાએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# દ્વારકા જીલ્લામાં હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિદ્ધ

**સમય સંદેશ: દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનિય બનાવ બનવા ન પામે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જે મુજબ કોઇ પણ પ્રકારના શારીરિક ઈજા કરી શકાય તેવા શસ્ત્રો, ક્ષયકારી કે સ્ફોટક દારૂગોળો લઈ જવા પર, મનુષ્ય અથવા તેના શબ કે અન્ય આકૃતિઓ અથવા પુતળા દેખાડવા પર, અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવા અને ટોળામાં ફરવા પર, પથ્થરો કે ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અને ફેંકવા કે ધકેલવાના યંત્રોની હેરફેર પર પ્રતિબંધ લગાવાયો છે.

આ પ્રતિબંધો નિયમાનુસાર પરવાનગી ધરાવનારા વ્યક્તિઓને લાગુ પડશે નહીં. આ જાહેરનામું તા. ૨૧ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે તેમ વધુમાં જણાવાયું છે.

# વાડીનારના લેન્ડિંગ પોઇન્ટ વિસ્તારમાં માછીમારી કરતા શખ્સ સામે કાર્યવાહી

**સમય સંદેશ: ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના નાના આંબલા ગામે રહેતા સદ્દામ હાસમ સંઘાર નામના 30 વર્ષના માછીમાર શખ્સ દ્વારા વાડીનાર નજીકના નાના આંબલા ગામે આવેલા લેન્ડિંગ પોઇન્ટના દરિયામાં મંજૂરી વગર અને ટોકન વગર દરિયામાં માછીમારી કરતાં પોલીસે ઝડપી લઇ, તેની સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.


## CHANGE OF NAME

I SANGANI RAJ DINESHBHAI HEREBY CHANGE MY NAME FROM SANGANI RAJ DINESH TO SANGANI RAJ DINESHBHAI HENCE NOW ONWARDS I WILL BE KNOWN AS SANGANI RAJ DINESHBHAI.

**Address:** SHRIJI PLOT NO 10/C, KRUSHNNAGAR 2 NA CHEDE, INRAPRASTH SOCIETY SHERI NO 2, AMRA, JAMNAGAR - 361006



## સરકારમાન્ય બૉન્ડ રાઈટર

સરકારી સોગંદનામા, ભાડા કરાર, વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન, કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

અભિજીત જયંતકુમાર દવે

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### વરસાદી માહોલ

(પાના નં. ૪ થી આગળ)

હાઈવે પર પડેલા વૃક્ષોને જામજોધપુર માર્ગ-મકાન વિભાગની ટીમે તાત્કાલિક ખસેડીને વાહનવ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો.

રાજ્યભરમાં ભારે વરસાદના લીધે જામનગર એસ.ટી. ડિવિઝનની સેવાઓ પર અસર પડી હતી. ધોરાજી નજીક વિમલનગર પુલ પરના ડાયવર્ઝનનું ધોવાણ થતાં જામનગર-જૂનાગઢ માર્ગ પરનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. આ કારણે આ રૂટની તમામ ૧૮ બસો (એક્સપ્રેસ, ગુર્જરનગરી, લક્ઝરી વગેરે) બંધ રાખવી પડી હતી અને સવારે ૫ વાગ્યાની બસને જામકંડોરણાથી પરત ફેરવાઈ હતી.

આ ઉપરાંત, દક્ષિણ ગુજરાત અને લીમડી તરફ પાણી ભરાવાના કારણે અમદાવાદ, સુરત અને પાલનપુર રૂટની બસોને રસ્તામાં જ રોકી દેવાની ફરજ પડી હતી. જોકે, તંત્ર દ્વારા રસ્તાઓનું મરામત કામ પૂર્ણ કરાતાં અને પાણી ઓસરતાં આજે (૨૬ જુલાઈ) જામનગરથી જૂનાગઢ તરફના બસ રૂટો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યા છે, જ્યારે અમદાવાદ તરફના બસ રૂટો પણ બપોર પછીથી પૂર્વવત્ થઈ જશે.

### રેસ્ક્યુ બોટ

(પાના નં. ૪ થી આગળ)

હતા. આ બેઠકમાં રસ્તાના પેચ વર્ક તેમજ જો વરસાદમાં પણ રીપેર કરવા પડે તો તે કામ માટે રૂ.૧.૨૧ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત શહેરમાં મ્યુ. તંત્રની પશુ પકડવાની અને નિભાવવાની ૩૧ વર્ષથી ચાલતી કામગીરીને જોતાં અને નવા કેટલ કાયદા મુજબ પશુ નિયંત્રણ અને અંકુશ વિભાગ નામનો એક આખો વિભાગ ચાલુ કરવા ઠરાવ કરાયો હતો. જેને જનરલ બોર્ડમાં મંજુરી માટે મુકાશે. આ ઉપરાંત તંત્ર દ્વારા પ્રદર્શન મેદાનમાં શ્રાવણી મેળા યોજવા ઠરાવ કરાયો હતો. ઉપરાંત ફાયર વિભાગ માટે રૂ.૨.૦૯ કરોડના ખર્ચે ચાર રેસક્યુ બોટ, હવા ભરેલી પાંચ બોટ, ૧૨ રેસક્યુ પ્લેટફોર્મ (તરાપા), ચાર નાની બચાવ હોડી (રેસક્યુ રાફ્ટ) તેમજ પાંચ હેવી ડ્યુટી ટેન્ટ અને બ્લોઅર મળીને રૂ.૩. ૩૦ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.

### ૪૦ ઘેટાના મોત

(પાના નં. ૪ થી આગળ)

થી વધુ ઘેટાં ના મોત થયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે પીજીવીસીએલની બેદરકારીએ જામનગર શહેરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં. ઇલેક્ટ્રિક શોર્ટ લાગવાને લીધે બે ગાયોના મોત નીપજતા પશુ પ્રેમીઓમાં રોશની લાગણી ફેલાઈ હશે.

### જામનગરમાં પત્ની

(પાના નં. ૪ થી આગળ)

રોજ મનીષ સાથે થયા હતા. જો કે, લગ્ન બાદ અવારનવાર આરોપી માથાકૂટ કરતો હતો. આ દરમિયાન તા.૨૪ જુલાઈના રોજ વર્ષાબેન અને મનીષ વચ્ચે ઘરકંકાસમાં ઝઘડો થયો હતો. તા. ૧૭ જુલાઇના રોજ વર્ષાબેન પિયર આંટો મારવા ગઇ ત્યારે વાત કરી હતી કે, તેનો પતિ તું મને ગમતી નથી, તને રાખવી નથી કહી ત્રાસ આપતો હતો અને સતત ઝઘડા કરે છે. આથી અમારી વચ્ચે ઘર કંકાસ ચાલે છે. જેથી મારે ત્યાં જવું નથી. બાદમાં ફરિયાદીના પરિવારજનોએ વર્ષાબેનના સાસરિયાઓને બોલાવી સમાધાન કરાવ્યું હતુ અને વર્ષાબેનને પરત સાસરે તેડી ગયા હતા. બાદમાં ઘરે બંને વચ્ચે થયેલા ઝઘડાએ ઉગ્ર રૂપ ધારણ કરી લેતા ઉશ્કેરાઇ ગયેલા મનીષે પત્ની વર્ષાબેન પર ધારીયા અથવા દાતરડા જેવા તીક્ષ્ણ હથિયારના ગંભીર ઘા ઝીંકી તેની હત્યા નિપજાવી હતી. પોલીસે આરોપી મનીષ સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી જુદી જુદી ટીમો બનાવી તાત્કાલીક આરોપી મનીષને પકડી પાડ્યો હતો. આરોપીની ધરપકડ બાદ રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પોલીસે હત્યા વપરાયેલ દાતરડું અને લોહિયાળ કપડાં કબ્જે કર્યા હતા.

### જામનગરના બેડેશ્વર

(પાના નં. ૩ થી આગળ)

આવી ફરિયાદીને અપશબ્દો બોલ્યા હતા. ફરિયાદીએ વિરોધ કરતાં સિરીન પલેજાએ ફરિયાદીને માર માર્યો હતો. ત્યારબાદ અસગર પલેજાએ ઘરેથી લાકડાનો ધોકો લાવી ફરિયાદીના માથાના ભાગે ઘા મારી ઇજા પહોંચાડી હતી. જેને લઈને મહિલાની ફરિયાદના આધારે સીટી બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### એક ટ્રેલર

(પાના નં. ૧ થી આગળ)

પ્રહાર કરતા કહ્યું હતું કે, ''છેલ્લા ૧૨ વર્ષથી દેશની જનતા અને યુવાનો સતત દબાણ હેઠળ જીવી રહ્યા છે. એકજૂથ થયેલા યુવાનો શું કરી શકે છે તે આખા દેશે જોઈ લીધું છે. આ તો ફક્ત એક ટ્રેલર હતું!'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે મંત્રીના રાજીનામા પછી પણ કૂચ કેમ? ત્યારે તેમણે સ્પષ્ટતા કરી કે આ કૂચ હવે કોઈ વિરોધ નથી, પરંતુ યુવા શક્તિના સંઘર્ષ અને ઐતિહાસિક વિજયની ભવ્ય ઉજવણી છે. લોકોનો આટલા વર્ષોનો એકત્રિત થયેલો આક્રોશ હવે રસ્તાઓ પર વિજયના રૂપમાં બહાર આવી રહ્યો છે.

બીજી તરફ ખગજવડા રાજ ઠાકરેએ પ્રધાનના રાજીનામાને વિદ્યાર્થી આંદોલન માટે ''અભૂતપૂર્વ વિજય'' ગણાવ્યો હતો. તેમણે જાહેરાત કરી હતી કે રવિવારે સવારે ૧૦ વાગ્યે દાદરના ઐતિહાસિક શિવાજી પાર્કથી લઈને પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિર સુધી વિજય માર્ચ યોજાશે. રાજ ઠાકરેએ ઉમેર્યું કે, ''આપણને પહેલેથી જ અંદાજ હતો કે યુવાનોનો ગુસ્સો આખરે પ્રધાનથી વધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પહોંચશે. અભિજીત દિપક અને વિદ્યાર્થીઓનો આગળનો જે પણ નિર્ણય હશે, મનસે અને શિવસેના (UBT) તેમની પાછળ ખડકની જેમ મજબૂતીથી ઊભા રહેશે.''

### યુરોપમાં આગનો કહેર

(પાના નં. ૧ થી આગળ)

બચાવવા માટે પોતાની કારો રસ્તા પર જ છોડી દીધી હતી અને હોડીઓ મારફતે દરિયાઈ માર્ગે ભાગવું પડ્યું હતું. પોલીસે ઘરે-ઘરે જઈને લોકોને તાત્કાલિક વિસ્તાર ખાલી કરાવવાની કામગીરી હાથ ધરી છે.

આગની તીવ્રતા અને ધુમાડાના કાળા ગોટેગોટાના કારણે અગ્નિશામક દળો માટે પણ સીધો સામનો કરવો લગભગ અશક્ય બની ગયો છે. કામગીરી દરમિયાન ડઝનબંધ ફ્રેન્ચ અગ્નિશામકો ઘાયલ થયા છે, પરંતુ સદ્નસીબે હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. ફ્રાન્સના ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે ભીષણ આગ હવે પ્રખ્યાત બોર્ડેક્સ શહેર તરફ આગળ વધી રહી છે, જેને રોકવા માટે આંતરરાષ્ટ્રીય મદદ અને તમામ ઉપલબ્ધ સંસાધનો ઝોંકી દેવામાં આવ્યા છે.

### કુદરતી આફતઃ

(પાના નં. ૧ થી આગળ)

માટે ભારે વરસાદની આગાહી સાથે ચેતવણી જારી કરી છે. કુદરતી હોનારતમાં દેશભરમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. અસમમાં પૂરથી સ્થિતિ સૌથી વિકટ છે, જ્યાં અત્યાર સુધીમાં ૪૭ લોકોના મોત થયા છે અને ૧૧ જિલ્લાના સાડા સાત લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. જ્યારે જમ્મુ-કશ્મીરમાં ગઈકાલે પુંછ અને રાજૌરી સહિતના પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનના કારણે એક જ પરિવારના ૭ લોકો સહિત ૨૭ લોકોના મોત નોંધાયા છે. નાગાલેન્ડમાં પણ ૯ લોકોના મોત થયા છે અને ૧૮૦થી વધુ ફસાયેલા લોકોને એરલિફ્ટ કરી સુરક્ષિત સ્થળે ખસેડાયા છે.

ગુજરાત, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં પણ વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું છે. ઉત્તર પ્રદેશમાં ગંગા-યમુના સહિતની નદીઓ ભયજનક સપાટી વટાવી ગઈ છે, જ્યારે ૩૦ જિલ્લામાં એલર્ટ જાહેર કરાયું છે. હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલનથી ૧૨૧થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે અને શિમલાના મેહલી-જુન્ગા માર્ગ પર વાહનવ્યવહાર ઠપ્પ થયો છે. રાજસ્થાનના અજમેર, કોટા અને જોધપુર વિસ્તારોમાં પણ દુકાનો અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જતાં વહીવટી તંત્ર દ્વારા રાહત-બચાવ કામગીરી ઝડપી બનાવવામાં આવી છે.

### સોનમ વાંગચુકે ગણાવી

(પાના નં. ૧ થી આગળ)

દેશના યુવાનોની અપેક્ષાઓનું સન્માન કરે છે. મે ૨૦૨૬માં યોજાયેલી NEET UG પરીક્ષામાં સામે આવેલી ગેરરીતિઓને સરકારે ગંભીરતાથી લઈને તપાસ CBIને સોંપી હતી.

શિક્ષણ મંત્રીના રાજીનામા બાદ પર્યાવરણવિદ્ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પ્રતિક્રિયા આપતાં CJP અને GenZ (યુવા પેઢી)ને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે આ ઘટનાક્રમને સડક પરથી ઊભી થયેલી 'સાચી લોકશાહી', અડગ સંકલ્પ અને શાંતિની જીત ગણાવી હતી. સાથે જ ઉમેર્યું હતું કે હવે જવાબદારી નક્કી થયા બાદ શિક્ષણ ક્ષેત્રે સુધારાની દિશામાં આગળ વધવાનો સમય પાકી ગયો છે.

બીજી તરફ, CJPના સ્થાપક અભિજિત દીપકે પણ આ મુદ્દે પોતાનું નિવેદન આપતાં જણાવ્યું હતું કે, શિક્ષણ મંત્રીનું રાજીનામું એ વાતનો સ્પષ્ટ પુરાવો છે કે જો નાગરિકો સરકાર સામે ઝૂક્યા વિના અને ડર્યા વગર લડત આપે, તો તે કોઈનું પણ રાજીનામું અપાવી શકે છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા યુવાનો અને સંસ્થાઓ આ રાજીનામાને પોતાની નૈતિક અને સંગઠિત શક્તિની મોટી સફળતા ગણાવી રહ્યા છે.

# મીઠાપુરમાં દિલ્હી આંદોલનના સમર્થનમાં રેલી: પોલીસે યુવાનોની અટકાયત કરી, સૂત્રોચ્ચાર કરાયા

**સમય સંદેશ: મીઠાપુર**

દ્વારકા જિલ્લાના મીઠાપુરમાં દિલ્હીના જંતર મંતર ખાતે ચાલી રહેલા આંદોલનના સમર્થનમાં યુવાનો દ્વારા રેલી કાઢવામાં આવી હતી. આ રેલી દરમિયાન પોલીસે કાર્યવાહી કરીને તમામ યુવાનોની અટકાયત કરી હતી. શુક્રવારે મીઠાપુર વિસ્તારમાં યુવાનો બેનરો સાથે એકઠા થયા હતા. તેમણે 'ઇન્કલાબ ઝિંદાબાદ'ના નારા લગાવ્યા હતા અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ આંદોલન દિલ્હીમાં ભાજપ તથા અન્ય પક્ષો દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે, જેના સમર્થનમાં મીઠાપુરમાં રેલી યોજાઈ હતી. ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસે આ યુવાનોની અટકાયત કરી હતી.

# જામનગરમાં ધારાસભ્યના મિત્રમંડળ દ્વારા રક્તદાન કેમ્પઃ ૬૨૧ બોટલ એકત્ર





તસવીરઃ હિરેન ગાંધી


**સમય સંદેશઃ જામનગર**

જામનગરના- ૭૯ દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી તથા મિત્ર મંડળ દ્વારા તારીખ ૨૪.૭.૨૦૨૭ ના દિવસે પૂર્વ મંત્રી અને પૂર્વ સાંસદ સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયા તથા સ્વ. વિમલભાઈ ગલાણી ની પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું કેશવજી અરજણ લેઉવા પટેલ સેવા સમાજમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૨૧ રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું, જે રક્ત એકત્ર કરીને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલના જરૂરિયાત મંદ દર્દીના ઉપયોગ માટે જમા કરાવી દેવાયું છે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, કાલાવડ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, નગરના મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શહેર ભાજપના અધ્યક્ષા બીનાબેન કોઠારી, જિલ્લા ભાજપ પ્રમુખ ડો. વિનોદભાઈ ભંડેરી, શહેર ભાજપના મહામંત્રી ભાવેશભાઈ કાનાણી, વિજયસિંહ જેઠવા, મૃગેશભાઈ દવે, શાસક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન રુપડીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત્તમભાઈ કકનાણી, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ જિલ્લા પ્રમુખો, પૂર્વ મેયર, લેઉવા પટેલ સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા અને કારોબારી સભ્યો, ડિસ્ટ્રીક બેન્કના ચેરમેન જીતુભાઈ લાલ, ફેકટરીઓનર્સ એસોસિએશનના પ્રમુખ રામજીભાઈ ગઢીયા તથા કારોબારી સભ્યો, જીઆઇડીસી ફેઇઝ -૨ અને ૩ એસો. ના ઉપપ્રમુખ અતુલભાઇ કાછડીયા તથા કારોબારી સભ્યો, ખોડલધામ સમિતિના કન્વીનર મયુરભાઈ મૂંગરા તથા તેમની ટીમ, શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, શહેર ભાજપના વોર્ડ પ્રમુખ તથા મહામંત્રીઓ, વિવિધ મોરચા-શેલના પ્રમુખ તથા મહામંત્રીઓ, વિવિધ સમાજના તથા સામાજિક સંસ્થા ના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મેગા બ્લડ ડોનેશનમાં ઉપસ્થિત સર્વે રક્તદાતાશ્રીઓ તેમજ ઉપસ્થિત તમામનો ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા આભાર માનવામાં આવ્યો છે.

# ખંભાળિયાના ડો.પી.સી.કંડોરીયાનું કેદારનાથ યાત્રા ધામમાં અકાળે નિધન

## દ્વારકા જીલ્લા સાથે સમગ્ર આહિર સમાજમાં ઘેરો શોક




**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના સદસ્ય અને સેવાભાવી તબીબ ડો. પી.વી. કંડોરીયાનું શુક્રવારે બપોરે યાત્રાધામ કેદારનાથમાં હૃદયરોગના ઘાતક હુમલાના કારણે અકાળે નિધન થયું છે. શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા અને સેવાભાવી કાર્યકર તરીકે પ્રથમ હરોળનું સ્થાન ધરાવતા દેવભૂમિ હોસ્પિટલ વાળા ડો. પી.વી. કંડોરીયાનું અચાનક અવસાન થતા સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લા સાથે આહિર સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામના મૂળ વતની અને હાલ ખંભાળિયામાં દેવભૂમિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ નામથી ખૂબ જ સુવિધાસભર અને આધુનિક એવી હોસ્પિટલના ડાયરેક્ટર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના સદસ્ય ડો. પરબતભાઈ વેજાણંદભાઈ કંડોરીયા (ડો. પી.વી. કંડોરીયા) કે જેઓ કેદારનાથ મહાદેવમાં અપરંપાર શ્રદ્ધા ધરાવતા હોય, અવારનવાર કેદારનાથ યાત્રાએ જતા હતા.

ડો. પી.વી. કંડોરીયા તેમના ધર્મપત્ની માલતીબેન કંડોરીયા તેમજ તેમના મિત્ર વર્તુળ પરિવાર સાથે તેઓ તાજેતરમાં હરિદ્વાર ખાતે ગયા બાદ બે દિવસ પૂર્વે તેઓ તેમના સ્વપનના એવા કેદારનાથ ધામ પહોંચ્યા હતા. ત્યાંથી તેઓ આ વિસ્તારમાં એક માતાજીના સુવિખ્યાત મંદિરે ગઈકાલે શુક્રવારે બપોરના સમયે દર્શન કરવા જતા હતા, ત્યારે સંભવતઃ વાતાવરણમાં ઓક્સિજનની માત્રા ઓછી હોવાના કારણે તેમને હૃદયરોગનો જીવલેણ હુમલો આવી ગયો હતો અને આ જ સ્થળે તેમણે અંતિમ શ્વાસ ખેંચ્યા હતા.

આ દુઃખદ ઘટના બનતા હેલિકોપ્ટર મારફતે તેમને સ્થાનિક હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવ્યા હતા. એકાએક બનેલા આ બનાવથી તેમના ધર્મપત્ની તેમજ સાથી પ્રવાસીઓ હતપ્રભ બની ગયા હતા. ડો. પી.વી. કંડોરીયાના અકાળે અવસાન થયાના સમાચાર વાયુવેગે ખંભાળિયા સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રસરી જતા સૌ કોઈ શોકમગ્ન બની ગયા હતા. તેમના મૃતદેહને વિમાન માર્ગે ખંભાળિયા લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે પણ હોસ્પિટલ ધરાવતા ડો. પી.વી. કંડોરીયાના ધર્મપત્ની માલતીબેન કંડોરીયા પણ ગત ટર્મમાં જિલ્લા પંચાયતના સદસ્યા હતા. આ ટર્મમાં ડો. પી.વી. કંડોરીયા ચૂંટાઈને સિંચાઈ વિભાગના ચેરમેન પણ બન્યા હતા. તેઓ આ વિસ્તારની જનતાના પ્રશ્નો સંબંધિત તંત્ર સુધી પહોંચાડવા અને તેના નિકાલ માટે હંમેશા કાર્યરત રહેતા.

ખંભાળિયામાં આવેલી ડિવાઈન ઈન્સ્ટિટ્યૂટ નામની એક શૈક્ષણિક સંસ્થા ઉપરાંત જામનગર ખાતે ચૈતન્ય ક્લિનિક નામની એક હોસ્પિટલ પણ તેઓ ચલાવતા હતા. ખંભાળિયા તેમજ ભાડથરની હોસ્પિટલમાં તેઓ નિયમિત રીતે અનેક દર્દીઓને વિનામૂલ્યે સારવાર તેમજ દવાઓ પણ પૂરી પાડતા હતા. શૈક્ષણિક સંસ્થાના માધ્યમથી વિદ્યાર્થીઓના વિકાસ તેમજ પ્રશ્નોના નિરાકરણ માટે પણ તેઓ હંમેશા સેવારત રહેતા હતા. આશરે ૨૦ વર્ષની વયનો તેમનો એકમાત્ર પુત્ર હાલ અમદાવાદમાં એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યો છે.

# જામનગરના તળાવની પાળ પાસે બેકાબુ કારે પોપકોર્નની લારી ઉડાડી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં તળાવની પાળ પર શુક્રવારે રાત્રે આશરે દસ વાગ્યાના અરસામાં એક કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રસ્તાની સાઇડમાં ઊભેલી પોપકોર્નની લારી સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં લારીને ભારે નુકસાન પહોંચ્યું હતું અને અંદર રહેલા પોપકોર્નના ડબ્બા, મશીન તેમજ કાચની કેબિન સહિતનો સામાન વેરવિખેર થઈ જતાં ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, જીજે-૧૦-એપી-૧૮૭૫ નંબરની કારના ચાલકે અગમ્ય કારણોસર સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં કાર સીધી રસ્તાની બાજુમાં ઊભેલી લારી સાથે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે લારી રસ્તા પર ઊંધી વળી ગઈ હતી અને તેમાં રહેલો સામાનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે તળાવની પાળ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ ઘટનાસ્થળે એકત્ર થઈ જતાં થોડા સમય માટે ટ્રાફિકજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. બનાવ અંગે જાણ થતાં સીટી એ. ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ટ્રાફિકને પૂર્વવત્ કરાવી સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. જોકે પોપકોર્નની લારીને નોંધપાત્ર નુકસાન પહોંચતાં વેપારીને આર્થિક ફટકો પડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

# દ્વારકા નજીક આવેલા કુરંગા ગામે ધમધમતા જુગારના અખાડા પર એલસીબી પોલીસ ત્રાટકી

## રૂ.૨.૦૩ લાખના મુદ્દામાલ સાથે સાત ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા નજીક આવેલા કુરંગા ગામે સામરા માણસુર ધારાણી (રહે. મૂળ ઓખા મઢી, હાલ મીઠાપુર) અને માયા ગોપાલ ધારાણી (રહે. કુરંગા) દ્વારા ભાગીદારીમાં આરોપી માયા ગોપાલ ધારાણીની વાડીમાં રહેલા રહેણાંક મકાનમાં પોતાના અંગત આર્થિક ફાયદા માટે બહારથી માણસો ભેગા કરી, અહીં જુગારીઓને લાઈટ, પાણી અને જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી, ચલાવતા જુગાર પર એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો.

આ દરોડા દરમ્યાન પોલીસે સામરા માણસુર ગઢવી, ધનજી સાંગણ ધોડા, નામદેવ ધના સામત મયુર વેજાણંદ મોવર, દાના દેવરામ ધોડા, ભાયા કેલા મોવર અને લખ્યા ઘેલાભાઈ ધોડા નામના સાત શખ્સોને ઝડપી લીધા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૫૮ હજારની રોકડ રકમ તથા પાંચ નંગ મોબાઈલ ફોન, એક મોટરસાયકલ અને એક અલ્ટો મોટરકાર સહિત કુલ રૂપિયા બે લાખ ત્રણ હજારનો મુદ્દામાલ કબજે કરી, સાત શખ્સોની અટક કરી હતી. જ્યારે આરોપી માયા ગોપાલ ધારાણીને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ અંગે દ્વારકા પોલીસમાં જુગારધારાની કલમ હેઠળ ગુનો દાખલ કરાયો છે.

# હડમતિયાના વૃધ્ધનું હૃદય બંધ થયું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીકના હડમતીયા ગામે રહેતા અશોક રવજીભાઈ ગોંડલીયા નામના ૭૦ વર્ષેય આધેડ તા. ૨૦ જુલાઈના રોજ પોતાના ઘરે હતા આ દરમિયાન તેઓને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થતા પરિવારજનોને જાણ કરી હતી ત્યારબાદ ૧૦૮ મારફતે તાત્કાલિક જામનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે તપાસ દરમિયાન વૃદ્ધનું મોત થઈ ચૂક્યું હોવાનું જણાતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ઘટનાને પગલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આ મામલે મૃતકના પુત્ર વિશાલભાઈ અશોકભાઈ ગોંડલીયાએ સમગ્ર ઘટનાની જાણ પંચકોષી 'એ' ડિવિઝન પોલીસે મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે.


# પ્રેસા સોફ્ટવેરનો બહિષ્કાર કરતું પ્રાથમિક શિક્ષક સંઘ

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આગામી મહિનાથી પગાર બિલ માટે રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલ પ્રેસા સોફ્ટવેર નો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા દરેક જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખ અને મહામંત્રી ને આદેશ આપી પ્રેસા સોફ્ટવેર નો બહિષ્કાર કરવા સૂચના આપી છે. સાથોસાથ રાજ્ય સરકાર ના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાઝા અને શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા ને પણ આ આદેશ અંગે જાણ કરવામાં આવી છે. ગુજરાત સરકાર ના શિક્ષણ વિભાગ દ્વારા આ અગાઉ એસ.એ.એસ. પોર્ટલ પર પ્રાથમિક શિક્ષકો ના પગાર અને એરિયર્સના બિલ બનાવવામાં આવતા હતા. છેલ્લા કેટલાક સમયથી પ્રેસા સોફ્ટવેર આવેલ છે. આ સોફ્ટવેર માં અનેક ટેક્નીકલ મુશ્કેલીઓ અને પ્રશ્નો ઉભા થતા આ અગાઉ પણ રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આ સમસ્યાઓ ઉકેલ લાવવા સરકાર ને રજૂઆત આપી હતી. સરકાર દ્વારા કોઈ ઉકેલ નહી આવતા શિક્ષક સંઘને આકરો નિર્ણય લેવાની ફરજ પડી હોવાનું ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખ દિગ્વિજય સિંહ જાડેજા અને મહામંત્રી જૈમિન ભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે

# જામનગરના બેડેશ્વર વીજકચેરીની અવળચંડાઈઃ ફોન નહીં ઉપાડીએ

**સમય સંદેશઃ જામનગર**



જામનગરના બેડેશ્વર સ્થિત પીજીવીસીએલ પટેલ કોલોની સબ ડિવિઝનમાં ફરિયાદ માટેના ફોન ઉપાડવામાં ન આવતા ગ્રાહકોને સીધા કચેરીએ પહોંચવાની ફરજ પડી હતી. ગ્રાહકોનો આક્ષેપ છે. કે ફરિયાદ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ યોગ્ય જવાબ આપવાના બદલે સ્પષ્ટ કહી દીધું - ફોન નહીં ઉપાડીએ. કર્મચારીઓના ઉદ્ધત વર્તનથી ગ્રાહકોમાં ભારે રોષ ફેલાયો છે. પીજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

# જામનગરના મોહનનગર આવાસ પાસેથી મળેલ મૃત્તદેહની ઘટના આપઘાતની નિકળી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગુલાબનગર-મોહનનગર આવાસમાં મળી આવેલા યુવાનના મૃતદેહ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક વિગતમાં સાતમા માળેથી નીચે પડતા ૪૦ વર્ષીય યુવાનનું મોત થયાનું સામે આવ્યું છે. મધરાત્રીના સમયે બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, યજ્ઞેશભાઇ ઉર્ફે યોગેશભાઇ લલીતકુમાર મહેતા (ઉ.વ.૪૦ રહે યુવા પાર્ક-૦૨ શેરી નં.૫ રણજીત સાગર રોડ જામનગર) તા. ૨૪ જુલાઈની મધરાત્રિએ આશરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં ગુલાબનગર મોહનનગર આવાસ બિલ્ડિંગ નંબર-૧૮ના સાતમા માળે હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર રૂમની બારીમાંથી નીચે પટકાયા બાદ ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં દરબારગઢ પોલીસ ચોકીના સ્ટાફે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. સમગ્ર બનાવ અંગે રેખાબેન પ્રફુલભાઈ સંઘવીએ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. યુવાન નીચે કેવી રીતે પડ્યા અને ઘટના પાછળનું ચોક્કસ કારણ શું છે તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે? પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# દ્વારકામાં સજા વોરંટ અંગેના છ આરોપીઓ ઝડપાયા



**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા વિસ્તારમાં ઓખા મંડળની ફેમીલી કોર્ટ દ્વારા ભરણપોષણના કેસ તથા જામનગરની કોર્ટ દ્વારા ચેક રિટર્ન કેસના ફોજદારી કેસ સહિતના જુદા જુદા કોર્ટ કેસોમાં અદાલત દ્વારા સજા કરવામાં આવેલા આરોપીઓને દ્વારકા પોલીસે ઝડપી લીધા હતા.

જે અંગેની વિગત મુજબ દ્વારકાના યશવંત બલવંતભાઈ ચંદારાણા, નરસંગ ટેકરી વિસ્તારમાં રહેતા અરજણ નાગાજણભાઈ સુમણીયા, હુસેન ભીખુભાઈ ભીખલાણી, મેવાસા વાડી વિસ્તારના રહીશ વિધાભા હાડાભા માણેક, ટીવી સ્ટેશન વિસ્તારમાં રહેતા રવિ કિશોરભાઈ સચદેવ અને સનાતન આશ્રમ પાસે રહેતા રાજકુમાર મેદબાપુ યાદવ નામના કુલ છ શખ્સોને જુદી જુદી ટીમોએ પેટ્રોલિંગ દરમિયાન ઝડપી લઇ, કાયદેસરની કાર્યવાહી બાદ ઉપરોક્ત આરોપીઓને જામનગર જિલ્લા જેલ હવાલે કરવામાં આવ્યા છે. આ સમગ્ર કાર્યવાહી દ્વારકાના પી.આઈ. એમ.જી. જાડેજા, પી.એસ.આઈ. આર.એલ. ચોપડા તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# સરકારી યોજનાનો લાભ લેવા માચ્છીમારોને અપીલ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં મત્સ્યોદ્યોગના વિકાસ સંદર્ભે અમલી કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર પુરસ્કૃત સહાય યોજનાઓ અન્વયે આંતરદેશીય મત્સ્યોદ્યોગને લગતી વિવિધ યોજનાઓ જેવી કે મત્સ્યબીજ સંગ્રહ પર સહાય, બોટ-જાળની ખરીદી પર સહાય, પ્લાસ્ટિક ક્રેટની ખરીદી પર સહાય, અનુસુચિત જાતિના શિક્ષિત બેરોજગારોને તાલીમ વિગેરે જેવી યોજનાઓ અમલમાં છે.

દરીયાઇ મત્સ્યોદ્યોગને લગતી યોજનાઓ જેવી કે ગીલનેટ સહાય, જમ્બોપ્લાસ્ટીક ક્રેટ પર સહાય, ઈલેક્ટ્રીક સાધનો પર સહાય, લાઇફ સેવિંગ ઇક્વિપમેન્ટ સહાય, જીપીએસ તથા ૨/૪ સ્ટ્રોક ઓ.બી.એમ.એન્જીન ઉપર સહાય, તથા ડીપફ્રીઝર પર સહાય જેવી યોજનાઓ અમલમાં છે.

આ ઉપરાંત ચાલુ વર્ષે સરકાર દ્વારા તળાવો અને જળાશયોમાં માછીમારી માટે ઓબીએમ (આઉટબોર્ડ મોટર) એન્જિનવાળી ફાઈબર બોટ પર સહાય, ટ્રોલર/ડોલનેટર/ગીલનેટર બોટોને માછીમારી જાળ તથા હુક લાઇન ખરીદી ઉપર ૫૦% સહાય જેવી નવી બાબતની પણ જોગવાઈ કરવામાં આવેલ છે. જે અન્વયે જામનગર જિલ્લાના તમામ જળાશય ઈજારાદાર, બોટમાલીકો, માછીમારો તથા મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ હોય તેઓ આ તમામ યોજનાઓનો લાભ લઈ શકશે. મત્સ્યોદ્યોગ ખાતાની તમામ યોજનાઓની વિગતો ગુજરાત સરકારના i-khedut 2.0 પોર્ટલ પરથી મેળવી શકાશે. યોજનાનો લાભ લેવા માટે શ-સવયમીં ૨.૦ પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in) પર અરજી કરવાની રહેશે. તમામ અરજદાર (વ્યક્તિગત/મંડળી/મંડળ/જૂથ) એ અરજી કરવા શ-સવયમીં ૨.૦ પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. ત્યારબાદ જ તા.૩૧/૦૭/૨૦૨૬ સુધી તમામ યાજનામાં અરજી થઇ શકશે. આ અંગે વધુ માહિતી માટે કામકાજના દિવસોમાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, સુમેર ક્લબ રોડ, જામનગર ફોન નંબર ૦૨૮૮ ૨૫૬૪૯૦૪ નો સંપર્ક કરવા મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરના બેડેશ્વર પાણાખાણમાં મહિલા ઉપર પડોશી દ્વારા કરાયો હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શહેરના ગરીબનગર પાણાખાણ બેડેશ્વર ઇમામખાનાની પાછળ રહેતા આઇશાબેન કાદરભાઇ માણેકએ આરોપી અસગર પલેજા અને સિરીન અસગર પલેજા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર, તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે અંદાજે ૫:૩૦ વાગ્યે ગરીબનગર પાણાખાણ, બેડેશ્વર ઇમામખાના પાછળ વિસ્તારમાં ફરિયાદી આઇશાબેન કાદરભાઇ માણેકના પુત્ર અલીઅકબર સાયકલ ચલાવી રહ્યો હતો.

તે દરમિયાન આરોપી અસગર પલેજાએ બાળકને સાયકલ ચલાવવાની ના પાડતા બોલાચાલી થઈ હતી. બાદમાં ફરિયાદી સમજાવવા જતા આરોપી અસગર પલેજા સાથે બોલાચાલી અને ઝઘડો થયો હતો. તે દરમિયાન આરોપી સિરીન અસગર પલેજા પણ ત્યાં

અનુ પાના નં.૨ પર

# વરસાદી માહોલઃ હાલારમાં મેઘમહેર વચ્ચે વૃક્ષો ધરાશાયી, એસ.ટી. વ્યવહાર પ્રભાવિત

## ગામડાઓમાં વાવણી લાયક વરસાદી ઝાપટાં, તંત્રની સતર્કતાથી રસ્તાઓ ખુલ્લા કરાવાયા, જૂનાગઢ અને અમદાવાદ રૂટની એસ.ટી. સેવાઓ પુનઃ શરૂ




તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર/દ્વારકા**

છેલ્લા ચોવીસ કલાક દરમિયાન જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેઘરાજાની ધીમી ધારે પધરામણી જારી રહી છે. વરસાદી ઝાપટાંથી લઈને બે ઈંચ સુધીના વરસાદના કારણે વાવણી લાયક માહોલ સર્જાતાં ખેડૂતો અને પ્રજાજનોએ શાંતિનો શ્વાસ લીધો છે. બીજી તરફ, તેજ પવન અને વરસાદના કારણે માર્ગો પર વૃક્ષો ધરાશાયી થવાની તેમજ હાઈવે ધોવાઈ જવાથી વાહનવ્યવહાર ખોરવાવાની ઘટનાઓ પણ સામે આવી છે, જેને તંત્ર દ્વારા ત્વરિત કામગીરી કરીને પૂર્વવત્ કરવામાં આવી છે.

ગઈકાલે (૨૫ જુલાઈ) જામનગર જિલ્લામાં મેઘરાજાએ ધીમી ધારે મહેર કરી હતી. સમગ્ર જિલ્લાના તમામ તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય ઝાપટાંથી લઈને બે ઈંચ સુધીનો નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જ્યારે અન્ય વિસ્તારોની વાત કરીએ તો લાલપુર તાલુકાના હરીપરમાં ૧ ઈંચ જ્યારે પીપરટોળા, પડાણા, ભણગોર અને મોડપરમાં અડધો-અડધો ઈંચ વરસાદ પડ્યો છે., જોડિયા તાલુકના બાલંભામાં સવા બે ઈંચ, હડિયાણામાં બે ઈંચ અને પીઠડમાં દોઢ ઈંચ, ધ્રોલ તાલુકના લતીપુરમાં બે ઈંચ, જાલીયા દેવાણીમાં સવા ઈંચ અને લૈયારામાં અડધો ઈંચ, કાલાવડ તાલુકના મોટા પાંચદેવડામાં દોઢ ઈંચ, નવાગામમાં સવા ઈંચ, નિકાવા તથા મોટા વડાળામાં ૧-૧ ઈંચ અને જામજોધપુર તાલુકના ધુનડા અને ધ્રાફામાં ૧-૧ ઈંચ, જામવાડીમાં પોણો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જાયારે જામનગર તાલુકાના વસઈ તથા મોટી ભલસાણમાં ૧-૧ ઈંચ, દરેડમાં પોણો ઈંચ, જ્યારે લાખાબાવળ, મોટી બાણુગાર, ફલ્લા, જામવંથલી અને અલીયાબાડામાં અડધો-અડધો ઈંચ વરસાદ થયાંના વાવડ છે.

આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શરૂ થયેલી મેઘસવારી હળવા ઝાપટાં રૂપે જારી રહી હતી. ખંભાળિયા તાલુકામાં ગતસાંજે અને રાત્રે પોણો ઈંચ સહિત કુલ ૧ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. કલ્યાણપુર તાલુકામાં ગતરાત્રે ૧૧ મી.મી. પાણી પડ્યું હતું, જ્યારે દ્વારકા અને ભાણવડમાં વરસાદનું જોર ધીમું રહ્યું હતું. મોસમનો કુલ વરસાદ અત્યાર સુધીમાંઃ ખંભાળિયામાં ૬૫ મી.મી., ભાણવડમાં ૪૯ મી.મી., કલ્યાણપુરમાં ૧૮ મી.મી. અને દ્વારકામાં ૯ મી.મી. નોંધાયો છે.

ગઈકાલે મોડી રાત્રે જામનગરમાં તેજ પવનના લીધે શહેરમાં બે અલગ-અલગ જગ્યાએ વૃક્ષો રોડ પર પડી જતાં વાહનવ્યવહાર અવરોધાયો હતો જેમાં પવનચક્કીથી ગ્રીન સિટી માર્ગઃ રોડ ડિવાઈડર વચ્ચેનું એક વૃક્ષ પિંજરા સહિત મૂળમાંથી ઊખડીને રસ્તા પર પડતાં માર્ગ બંધ થઈ ગયો હતો. ત્યાંથી પસાર થઈ રહેલી સિટી-એ ડિવિઝન પોલીસની ટીમે ત્વરિત વાહનો રોકી વૃક્ષને બાજુમાં ખસેડી રસ્તો ખુલ્લો કર્યો હતો, ત્યારબાદ મનપા દ્વારા પૂર્ણ કામગીરી કરાઈ હતી અને હર્ષદ મિલની ચાલીઃ મોડી રાત્રે અંદાજે પોણા ચાર વાગ્યે વૃક્ષ ધરાશાયી થતાં સ્થાનિકોની જાણ પર ફાયરબ્રિગેડની ટીમે કરવત વડે ડાળીઓ કાપી રસ્તો સાફ કર્યો હતો. બંને બનાવોમાં સદનસીબે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી.

ચોમાસામાં માર્ગો પર વૃક્ષો પડવાની સ્થિતિને પહોંચી વળવા માર્ગ અને મકાન વિભાગ સતર્ક બન્યું છે. ધ્રોલ-લતીપુર-ટંકારા સ્ટેટ હાઈવે પર વૃક્ષ ધરાશાયી થતાં ધ્રોલ માર્ગ અને મકાન પેટા વિભાગે ત્વરિત કામગીરી કરી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. જામનગર-લાલપુર-પોરબંદર સ્ટેટ

**અનુ પાના નં.૨ પર**

# જામનગરમાં ફાયરબ્રિગેડ વિભાગ માટે ચાર આધુનિક રેસ્ક્યુ બોટ વસાવાશે

## પશુ ત્રાસ નિવારવા અને મેનેજમેન્ટ માટે અલગ શાખા ઉભી કરવા નિર્ણય

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં શ્રાવણ વદ પાંચમથી અમાસ સુધી તારીખ ૧ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન શ્રાવણી મેળા પ્રદર્શન મેદાનમાં યોજવા તા.૨૪મીએ મોડી સાંજે મળેલી મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ બેઠકમાં ફાયર બ્રિગેડ વિભાગ માટે ચાર આધુનિક રેસ્ક્યુ બોટ વસાવવા તેમજ પશુ ત્રાસ નિવારવા અને પશુ મેનેજમેન્ટ માટેની એક શાખા જ ઉભી કરવા ઠરાવો થયા હતા.

મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણીના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મેયર મોનિકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશભાઈ ડેર, કમિશનર દીપેશ કેડિઆ, સીટી ઈજનેર ભાવેશભાઈ જાની, આસિ. કમિશનરો મુકેશભાઈ વરણવા અને જિજ્ઞેશભાઈ નિર્મલ તેમજ ૧૨ સભ્યો હાજર રહ્યા

**અનુ પાના નં.૨ પર**



તસવીરઃ હિરેન ગાંધી

# જામનગરની પેઢી પાસેથી ખરીદેલ માલની રકમ ચુકવવા તામિલનાડુની પેઢીને આદેશ

**સમય સંદેશઃ જામનગર**

તમિલનાડુની પેઢીએ જામનગરની પેઢીને બ્રાસપાર્ટના માલની રકમ રૂ.૧,૮૧,૬૨૮ ખર્ચ અને વ્યાજ સહિત ચુકવાવનો હુકમ જામનગર અદાલતે કર્યો હતો.

જામનગરમાં રહેતા અને બ્રાસ પાર્ટ વિગેરેનો વ્યવસાય કરતાં અને ખુબ જ પ્રતિષ્ઠા ધરાવતા વિન્ડસન મેટલ ઈન્ડસ્ટ્રીઝ નાં ભાગીદાર હસમુખભાઈ બાવજીભાઈ મુંગરા પાસેથી તામીલનાડુ ની પેઢી ગણેશ ટ્રેડર્સ ના માલિક પૂરુંવર્થુરાજા તમિલવાનન દ્વારા અલગ અલગ બીલથી ઉધારથી બ્રાસપાર્ટ ના માલની ખરીદી કરવામાં આવેલ.

જે માલ હસમુખભભાઈ દ્વારા ટ્રાન્સપોર્ટ મારફત મોકલી આપવામાં આવેલ. જે માલ મોકલયા બાદ હસમુખભાઈ દ્વારા ગણેશ ટ્રેડર્સ ના માલિક પૂરુંવર્થુરાજા તમિલવાનન પાસે લેણી રકમની માંગણી કરવામાં આવેલ. પરંતુ ગણેશ ટ્રેડર્સ ના માલિક પૂરુંવર્થુરાજા તમિલવાનન દ્વારા રકમ ચુકવવામાં આવેલ નહિં, અને ગલ્લા તલ્લા કરવામાં આવેલ. જેથી હસમુખભાઈ દ્વારા તેમનાં વકીલ મારફત ગણેશ ટ્રેડર્સ ના માલિક પૂરુંવર્થુરાજા તમિલવાનન ને કાનુની નોટીસ મોકલવામાં આવેલ, અને રકમ ચુકવી આપવા જણાવવામાં આવેલ. પરંતુ ગણેશ ટ્રેડર્સ ના માલિક પૂરુંવર્થુરાજા તમિલવાનન દ્વારા રકમ ચુકવેલ નહિં, કે નોટીસનો પણ કોઇ જવાબ આપેલ નહિં. જેથી નારાજ થઇ હસમુખભાઈ દ્વારા તેમનાં વકીલ મારફત જામનગરની અદાલતમાં ના કોમર્શીયલ ના કાયદા અનુસાર દાવો દાખલ કરવામાં આવેલ.

જે દાવો ચાલી જતા વાદી હસમુખભાઈના વકીલ દ્વારા વિસ્તૃત દલીલો કરવામાં આવેલ અને અદાલતમાં તમામ આધાર પુરાવાઓ રજુ કરી અને ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદા રજુ કરવામાં આવેલ. જે આધાર પુરાવા અને દલીલો ધ્યાને લઇ જામનગરની અદાલત દ્વારા વાદીનો દાવો મંજુર કરી દાવાની રકમ રૂા.૧,૮૧,૬૨૮ ની રકમ ગણેશ ટ્રેડર્સ ના માલિક પૂરુંવર્થુરાજા તમિલવાનન એ વાદીને દાવાના ખર્ચ તથા ૬ % વ્યાજ સાથે ચુકવી આપવા હુકમ કરવામાં આવેલ છે. ઉપરોકત નવા કોમર્શીયલના કાયદા મુજબ દાખલ કરવામાં આવેલ અને દાવાનો ટૂંકા ગાળામાં નિકાલ થયેલ છે. વાદી વિન્ડસનનાં ભાગીદાર હસમુખભાઈ વતી તેમનાં વકીલ મયુર ડી. કટારમલ રોકાયેલા હતા.

# આનંદો ! જામનગરમાં પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે ૧૧ દિવસ માટે યોજાશે લોકમેળો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે શ્રાવણી લોકમેળો તા.૧ થી ૧૧ સપ્ટેમ્બર સુધી મહાનગરપાલિકા દ્વારા આયોજન કરાયુ છે.સ્થાયી સમિતિની બેઠકમાં દરખાસ્તને મંજુરી બાદ હવે આગામી દિવસોમાં પ્લોટના ટેન્ડર સહિતની પ્રક્રિયા હાથ ધરાશે..

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક ચેરમેન ધીરેનભાઈ મોનાણીના અધ્યક્ષસ્થાને મળી હતી.જેમાં શહેરમાં પ્રદર્શન ગ્રાઉન્ડમાં આગામી તા. ૧ લી સપ્ટે.થી ૧૧ સપ્ટે. સુધી એટલે કે શ્રાવણ વદ પાંચમથી અમાસ સુધી લોકમેળાના આયોજનની દરખાસ્તને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી. જેમાં સુત્રોના જણાવ્યા મુજબ નાની મોટી રાઇડસ, ખાણી પીણી, રમકડા વગેરે સહિત જુદા જુદા ૫૯ પ્લોટસ રહેશે જેમાં છ મોટી રાઈડસનો સમાવેશ થાય છે.જયારે નાની રાઈડસ સહિત મનોરંજનના સાધનોના સ્ટોલ્સ પણ રહેશે.



જેના પગલે હવે આગામી દિવસોમાં વિવિધ રાઇડસ અને પ્લોટસ માટે ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરાશે.શહેર સહિત જીલ્લાભરના લોકો માટે શ્રાવણી લોકમેળો ભારે આકર્ષણરૂપ બની રહે છે. ત્યારે આગામી શ્રાવણ માસમાં મેળાના આયોજનનો તખ્તો તૈયારકરવા ગતિવિધિઓ શરૂ થઇ છે.ખાસ કરી સાતમ-આઠમ-નોમ ઉપરાંત અમાસના મેળામાં શહેર સાથે હાલારભરમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોય છે.

# જામનગરના સપડા નજીક રસ્તો ઓળગંતા વૃધ્ધાને બાઈક હડફેટે લેતાં ઈજા

## અકસ્માત કરી નાશી છૂટનાર બાઈક ચાલક સામે નોંધાયો ગુન્હો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સપડા ગામ નજીક હિટ એન્ડ રનનો બનાવ નોંધાયો છે. વૃદ્ધા રસ્તો ઓળંગી થયા હતા. આ દરમિયાન બેફામ સ્પીડે આવેલા બાઇકના ચાલકે વૃદ્ધાને હડફેટે લેતા અક્સ્માત સર્જાયો હતો. જેમાં વૃદ્ધાને ઇજા થતા અજાણ્યા બાઇકચાલક સામે ગુનો નોંધાયો છે.

પંચકોષી એ ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલી વિગત અનુસાર, તા. ૨૨ જુલાઈની રોજ રાત્રે આશરે ૯:૦૦ વાગ્યે સપડા ગામની આગળ જામનગર-કાલાવડ હાઇવે પર ગોલાઈ પાસે નાથીબેન દેવણભાઈ વીંજાણી (ઉં.વ. ૭૨ સાપડા હનુમાન મંદિર પાસે ), રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન કાલાવડ તરફથી પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલા એક અજાણ્યા મોટરસાયકલ ચાલકે તેમને ટક્કર મારી હતી. અકસ્માતમાં નાથીબેનને ડાબા પગમાં ગોઠણની નીચેના ભાગે ફ્રેક્ચર સહિત જમણી બાજુના પડખામાં અને માથાના પાછળના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જ્યા બાદ મોટરસાયકલ ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો અને ઇજાગ્રસ્તને કોઈ મદદ કર્યા વિના નાસી ગયો હતો. આ બનાવ અંગે પંચકોષી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તેની શોધખોળ તથા વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં પત્નીની હત્યા કરનાર આરોપીને ઝડપી લેતી પોલીસ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મહાપ્રભૂજીની બેઠક, મેરીયા કોલોની વાડી વિસ્તારમાં રહેતા પરસોતમભાઈ શાંતીલાલ સોનગરાએ પોતાના બહેનની હત્યા મામલે આરોપી એવા બનેવી મનિષ નાગજીભાઇ કછેટીયા (રહે.મહાપ્રભુજીની બેઠક રાજમોતી સોસાયટી-૩) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદીની બહેન વર્ષાબેનના તા. ૧૩ ફેબ્રુઆરીના

**અનુ પાના નં.૨ પર**

# દ્વારકા એલસીબીએ કુરંગામાંથી ૮ જુગારીને ૨ લાખથી વધુના મુદ્દામાલ સાથે ઝડપ્યા



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા LCB પોલીસે કુરંગા ગામે એક વાડીમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં જુગાર રમતા આઠ વ્યક્તિઓને રૂપિયા ૨.૦૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

પોલીસે દરોડા દરમિયાન શામળા માણસુર, નજીભાઈ સાંગણભાઈ, નામદેવ ધના, મયુર વેજાનંદ, દાના દેવરામ, ભાયા ઘેલા અને માયા ધારાણી સહિત આઠ જુગારીઓને ઝડપી પાડ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓ પાસેથી પોલીસે રોકડા રૂપિયા ૫૮,૦૦૦, રૂપિયા ૨૫,૦૦૦ની કિંમતના મોબાઈલ ફોન, એક મોટરકાર અને એક મોટરસાયકલ જપ્ત કર્યા હતા. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત રૂપિયા ૨,૦૩,૦૦૦ આંકવામાં આવી છે. પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના જગા ગામે ખોરાકી ઝેરની અસરથી ૪૦ ઘેટાના મોત

## જામનગરમાં વીજશોક લાગતાં બે ગાયના મોતઃ પશુપ્રેમીઓમાં ભારે રોષ ભભૂક્યો




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

હવામાંના વિભાગની ભારે વરસાદની આગાહી વચ્ચે જિલ્લામાં ગઈકાલ સવારે આઠ વાગ્યા સુધીમાં એક થી દોઢ ઇંચ વરસાદ થયો છે. જ્યારે ગ્રામ્ય પંથકમાં પણ સારા વરસાદના વાવડ મળી રહ્યા છે. જગા ગામે ઘેટાને ફૂડ પોઈજન થતા ૪૦ ઘેટાના મોત નીપજ્યા હતા. જ્યારે જામનગરમાં ઇલેક્ટ્રિક શોર્ટ લાગતા બે ગાયના મોત નીપજતા જીવદયા પ્રેમીઓ રોષની લાગણી ફેલાઈ છે.

જામનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદને લઈને પીવાનું પાણી પૂરું પાડતાં અને સિંચાઈના જળાશયોમાં પાણીની આવક સારા પ્રમાણમાં શરૂ થઈ છે. આ વરસાદને લઈને જિલ્લાના અનેક રોડ રસ્તાઓ ઉપર વરસાદી પાણીને લઈને ધોવાણ થતા રસ્તાઓ બંધ થયા હોવાના અહેવાલ સાપડી રહ્યા છે. આ ઉપરાંત જગા ગામે માલધારીના ઘેટાઓને ખોરાકને લઈ ફૂટપોઈઝનની અસર થતા ૪૦

**અનુ પાના નં.૨ પર**

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com